




**IPL 2026** આજની મેચ KKR Vs SRH ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: કોલકાતા

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RR | 1 | 1 | 0 | 0 | 2 | 4.171 |
| RCB | 1 | 1 | 0 | 0 | 2 | 2.907 |
| MI | 1 | 1 | 0 | 0 | 2 | 0.687 |
| DC | 1 | 1 | 0 | 0 | 2 | 1.397 |
| PBKS | 1 | 1 | 0 | 0 | 2 | 0.509 |
| GT | 1 | 0 | 1 | 0 | 0 | -0.509 |
| KKR | 1 | 0 | 1 | 0 | 0 | -0.687 |
| LSG | 1 | 0 | 1 | 0 | 0 | -1.397 |
| SRH | 1 | 0 | 1 | 0 | 0 | -2.907 |
| CSK | 1 | 0 | 1 | 0 | 0 | -4.171 |

# બોલરો અને રિઝવીએ દિલ્હીને લખનઉ સામે જીતાડ્યું

**લુંગી** એન્ગીડી, નટરાજન અને કુલદીપે મળીને 18.4 ઓવરમાં જ લખનઉનો વિંટો વાળી દીધો

**26 રનમાં** ચાર વિકેટ ગુમાવનાર દિલ્હીને સમીર રિઝવીએ સ્ટબ્સ સાથે મળીને છ વિકેટે જીતાડ્યું



લખનઉ, તા. 01 : આઈપીએલમાં આજે અહીં રમાયેલી એક મેચમાં લુંગી એન્ગીડીની આગેવાનીમાં દિલ્હી કેપિટલ્સના બોલરોએ જોરદાર બોલિંગ પ્રદર્શન કરીને લખનઉ સુપર જાયન્ટ્સને 18.4 ઓવરમાં 141 રનમાં ઓલઆઉટ કરી દીધા પછી સમીર રિઝવીની અડધી સદીએ દિલ્હી કેપિટલ્સને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાંથી બહાર કાઢીને છ વિકેટથી વિજય મેળવવામાં મદદ કરતા તેમણે પોતાના અભિયાનની શરૂઆત જીત સાથે કરી.

સુપર જાયન્ટ્સના 142 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, દિલ્હીએ 26 રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હોવા છતાં, રિઝવીના 47 બોલમાં ચાર છગ્ગા અને પાંચ ચોગ્ગા સાથે નોટઆઉટ 70 રન અને 32 બોલમાં 39 રન કરનારા ટ્રિસ્ટન સ્ટબ્સ સાથે પાંચમી વિકેટ માટે 110 રનની નોટઆઉટ ભાગીદારીની મદદથી 17.1 ઓવરમાં ચાર વિકેટે 145 રન બનાવીને મેચ છ વિકેટે જીતી હતી.

આ પહેલા દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલે પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે એકાના સ્ટેડિયમની વિકેટ બેટિંગ માટે ખૂબ સરળ નહોતી, છતાં લખનૌના આ ખરાબ બેટિંગ પ્રદર્શન માટે કોઈ ચોક્કસ બહાનું કાઢી શકાય તેમ નથી.

ઈજામાંથી વાપસી કરનારા ટી. નટરાજન (૪ ઓવરમાં ૩/૨૯), કુલદીપ યાદવ (૪ ઓવરમાં ૨/૩૧) અને શાનદાર લુંગી એન્ગીડી (૩.૪ ઓવરમાં ૩/૨૭)એ યજમાન ટીમ માટે મુશ્કેલીઓ ઊભી કરી હતી. લખનઉની ટીમ મેદાન પર એટલી જ નબળી દેખાતી હતી જેટલી ટૂર્નામેન્ટ પહેલાની આગાહીઓમાં કાગળ પર જણાતી હતી. ટીમની દૃષ્ટિએ એક આશ્ચર્યજનક પગલું ભરતા કેપ્ટન ઋષભ પંતે એડન માર્કરામ અને મિચેલ માર્શની સફળ ઓપનિંગ જોડીને તોડીને પોતાને ઓર્ડરમાં ઉપર પ્રમોટ કર્યો હતો.

9 બોલમાં માત્ર સાત રન કરીને પંત બીજી જ ઓવરમાં તે નોન-સ્ટ્રાઈકર છેડે રનઆઉટ થયો હતો. માર્શના સીધા શોટ પર બોલરની આંગળી સ્પર્શીને બોલ સ્ટમ્પને વાગ્યો હતો. પ્રમાણિકપણે કહીએ તો, તે એક બાઉન્ડ્રી સિવાય પંત ક્યારેય લયમાં દેખાયો નહોતો અને એવું લાગતું હતું કે તે ભારતીય T20 ટીમમાં પોતાનું સ્થાન પાછું મેળવવા માટે ઉતાવળમાં છે. આ બોલિંગ ત્રિપુટી સામે એડન માર્કરમ, મિચેલ માર્શ, નિકોલસ પુરન જેના તોફાની બેટ્સમેનો પણ કંઈ કરી શક્યા નહોતા.

કુલદીપ યાદવની શરૂઆતમાં તેની થોડી ધોલાઈ થઈ હતી પરંતુ તેણે ખતરનાક માર્શને ગૂગલી પર આઉટ કરીને પોતાનું કામ પૂરું કર્યું હતું.

# T20 રેન્કિંગમાં અભિષેક-ઈશાન ટોચના બે સ્થાને યથાવત

દુબઈ, તા. 01 (પીટીઆઇ) : ભારતના આક્રમક બેટ્સમેન અભિષેક શર્મા અને ઈશાન કિશન બુધવારે જાહેર કરાયેલા આઈસીસી ટી-20 રેન્કિંગમાં ટોચના બે સ્થાન પર યથાવત રહ્યા છે. અભિષેક 875 પોઈન્ટ સાથે ચાર્ટમાં ટોચ પર છે, જ્યારે ઈશાન 871 પોઈન્ટ સાથે ટોચ પર છે. તિલક વર્મા છઠ્ઠા ક્રમે છે, જ્યારે ભારતનો ટી-20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ સાતમા ક્રમે છે. ઈંગ્લેન્ડનો વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલર આઠમા સ્થાને છે અને ન્યુઝીલેન્ડનો ટિમ સૈફર્ટ નવમા સ્થાને છે. બોલરોમાં, અફઘાનિસ્તાનના સ્પિનર રાશિદ ખાન ટોચ પર છે જ્યારે ભારતીય સ્પિનર વરુણ ચક્રવર્તી બીજા અને ઝડપી બોલર જસપ્રીત બુમરાહ પાંચમા સ્થાને છે.

**ટી-20 રેન્કિંગ ટોપ ટેન બેટ્સમેન**

| ક્રમ | ખેલાડી | દેશ | પોઇન્ટ |
|---|---|---|---|
| 1 | અભિષેક શર્મા | ભારત | 875 |
| 2 | ઇશાન કિશન | ભારત | 871 |
| 3 | સાહિબઝાદા ફરહાન | પાકિસ્તાન | 848 |
| 4 | ફિલ સોલ્ટ | ઈંગ્લેન્ડ | 792 |
| 5 | પથુમ નિસાંકા | શ્રીલંકા | 766 |
| 6 | તિસક વર્મા | ભારત | 742 |
| 7 | સૂર્યકુમાર યાદવ | ભારત | 722 |
| 8 | જોશ બટલર | ઈંગ્લેન્ડ | 716 |
| 9 | ટીમ સૈફર્ટ | ન્યૂઝીલેન્ડ | 712 |
| 10 | ડેવાલ્ડ બ્રેવિસ | દ. આફ્રિકા | 702 |

# સતત ત્રીજી વખત વર્લ્ડકપમાં સ્થાન મેળવવાથી ચૂક્યું ઈટાલી

**બોસ્નિયાએ** પેનલ્ટી શૂટઆઉટમાં ઇટાલીને 4-1થી હરાવીને 2014 પછી પહેલીવાર વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું

**સ્વીડન,** તુર્કી અને ચેક રિપબ્લિકે અનુક્રમે પોલેન્ડ, કોસોવો અને ડેન્માર્કને હરાવી વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું



ઝેનીકા (બોસ્નિયા), તા. 01 (એપી) : ફૂટબોલ સુપરપાવર્સમાંની એક, ચાર વખતની ચેમ્પિયન ઇટાલી, મંગળવારે યુરોપિયન પ્લેઓફમાં પેનલ્ટી શૂટઆઉટમાં વિશ્વની 66મી ક્રમાંકિત ટીમ બોસ્નિયા સામે હારી ગયા બાદ સતત ત્રીજી વખત વર્લ્ડકપ માટે ક્વોલિફાય થવાથી ચૂકી ગયું હતું. ક્વોલિફાઇ થવા માટે જીતવી જરૂરી એવી મેચમાં ઇટાલીએ સારી શરૂઆત કરી, મોઇસ કીને પહેલો ગોલ કર્યો, પરંતુ સેન્ટર-બેક એલેસાન્ડ્રો બાસ્ટોનીને હાફ ટાઇમ પહેલા રેડ કાર્ડ સાથે મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યો. તે પછી 10 ખેલાડીઓ સાથે રમી રહેલા ઇટાલી માટે પોતાની સરસાઇ જાળવી રાખવાનું મુશ્કેલ કાર્ય હતું.

બોસ્નિયાએ તેનો લાભ ઉઠાવ્યો. 79મી મિનિટે સબસ્ટિટ્યુટ ખેલાડી હેરિસ તાબાકોવિકે ગોલ કરીને મેચ ૧-૧ની બરાબરી સાથે વધારાના સમયમાં પહોંચાડી. તે પછી બોસ્નિયાએ શૂટઆઉટમાં 4-1થી જીત મેળવી અને 2014 પછી પહેલી વાર વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું. આ ફક્ત બીજી વાર છે જ્યારે તેઓ વર્લ્ડકપ માટે ક્વોલિફાય થયા છે. સ્વીડને પોલેન્ડને 3-2થી, તુર્કીએ કોસોવોને 1-0થી અને ચેક રિપબ્લિકે ડેનમાર્કને પેનલ્ટી શૂટઆઉટમાં 3-1થી હરાવીને યુરોપિયન પ્લેઓફ ફાઇનલ જીતીને વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું.

# સનરાઈઝર્સ સામે આજે KKRના સ્પિનરોએ ક્ષમતા બતાવવી પડશે

**સાંજે 7.30થી** મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

કોલકાતા, તા. 01 : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં પોતાની પહેલી મેચ હારી ચૂકેલી બે ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) અને સનરાઈઝર્સ હૈદરાબાદ આવતીકાલે ગુરુવારે અહીં રમાનારી મેચમાં પોતાના અભિયાનને પાટા પર લાવવાનો પ્રયાસ કરશે. બંને ટીમો પાસે મજબૂત બેટિંગ પોઝિશન છે, અને સારું બોલિંગ પ્રદર્શન મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. કેકેઆરના સ્પિનરો ફોર્મમાં પાછા ફરવા માટે ઉત્સુક રહેશે, જ્યારે સનરાઈઝર્સને પણ તેમના બોલિંગ વિભાગમાં નોંધપાત્ર સુધારાની જરૂર પડશે.

આ મેચ ત્રણ વખતના ચેમ્પિયન કેકેઆર માટે એક મહત્વપૂર્ણ ઘરેલું તબક્કાની શરૂઆત પણ દર્શાવે છે, જેઓ અહીં સાત દિવસમાં ત્રણ મેચ રમવાના છે, ત્યારબાદ આગામી રાજ્ય ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને 19 એપ્રિલે બીજી મેચ રમવાની છે. રાજ્ય ચૂંટણીને કારણે લગભગ એક મહિના સુધી કોલકાતામાં કોઈ મેચ નહીં હોય. કેકેઆર આગામી ચાર મેચ અન્ય ટીમોના હોમ ગ્રાઉન્ડ પર રમશે. તેમનો આગામી હોમ મેચ 16 મેના રોજ છે, તેથી ટીમ આ તબક્કામાં ગતિ મેળવવા માટે કોઈ કસર છોડશે નહીં. ઈડન ગાર્ડન્સ કેકેઆર માટે ગઢ રહ્યું છે, જેણે 2008 થી અહીં રમાયેલી 95 મેચોમાંથી 54 મેચ જીતી છે. સનરાઈઝર્સના ટોપ ઓર્ડરમાં અભિષેક શર્મા, ઈશાન કિશન અને ટ્રેવિસ હેડ જેવા શક્તિશાળી બેટ્સમેનોનો સમાવેશ થાય છે. જોકે, નિયમિત કેપ્ટન પેટ કમિન્સની ગેરહાજરીમાં તેમનું બોલિંગ આક્રમણ નબળું લાગે છે. તેમના બોલરો આરસીબી સામે 201 રનનો બચાવ કરવામાં અસમર્થ રહ્યા હતા.

# ક્રિકેટ ઓસ્ટ્રેલિયા કોન્ટ્રાક્ટ : વેધરલ્ડ, ડોગેટ ઈન મેક્સવેલ-કોન્સ્ટાસ આઉટ

**જેક વેધરલ્ડ** અને બ્રેન્ડન ડોગેટને પ્રથમ વખત સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ મળ્યા, કુલ 21નો સમાવેશ કરાયો

**મેક્સવેલ** અને કોન્સ્ટાસ ઉપરાંત, રેન શો, ઝાય રિચાર્ડસન, લાન્સ મોરિસ અને મેથ્યુ શોર્ટ પણ બહાર



મેલબોર્ન, તા. 01 (પીટીઆઈ) : ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ બુધવારે ઓપનર જેક વેધરલ્ડ અને ઝડપી બોલર બ્રેન્ડન ડોગેટને પ્રથમ વખત સેન્ટ્રલ કોન્ટ્રાક્ટેડ ખેલાડીઓની યાદીમાં સામેલ કર્યા છે પરંતુ 2026-2027 સીઝન માટે ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલ અને ઓપનર સેમ કોન્સ્ટેડને બાકાત રાખ્યા છે. એશિઝ દરમિયાન ટેસ્ટ ડેબ્યૂ કરનારા વેધરલ્ડ અને ડોગેટને તેમના પ્રભાવશાળી પ્રદર્શન માટે પુરસ્કાર આપવામાં આવ્યો છે, જ્યારે ઝડપી બોલર માઈકલ નેસરે સીરિઘમાં ઉપયોગી યોગદાન આપ્યા બાદ યાદીમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. યુવા ઓપનર સેમ કોન્સ્ટાસ અને મેક્સવેલ ઉપરાંત, બેટ્સમેન મેથ્યુ રેનશો, ઝડપી બોલર ઝાય રિચાર્ડસન, લાન્સ મોરિસ અને મેથ્યુ શોર્ટને પણ કરાર મળ્યા નથી.

**ઓસ્ટ્રેલિયાના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ યાદીમાં સામેલ ખેલાડીઓ**

ઝેવિયર બાર્ટલેટ, સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી, પેટ કમિન્સ, બ્રેન્ડન ડોગેટ, નાથન એલિસ, કેમેરોન ગ્રીન, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, મેથ્યુ કુનમેન, માર્નસ લાબુશેન, નાથન લિયોન, મિચેલ માર્શ, ટોડ મર્ફી, માઈકલ નેસર, સ્ટીવ સ્મિથ, મિચેલ સ્ટાર્ક, જેક વેધરલ્ડ, બ્યુ વેબસ્ટર, એડમ ઝામ્પા.

# ભારત ત્રણ ટી-20 મેચ માટે ઝિમ્બાબ્વેનો પ્રવાસ કરશે

મુંબઈ, તા. 01 : વિશ્વ ચેમ્પિયન ભારત આ વર્ષે જુલાઈમાં ત્રણ મેચની ટી-20 ઈન્ટરનેશનલ સીરિઝ રમવા માટે ઝિમ્બાબ્વેનો પ્રવાસ કરશે. બીસીસીઆઈએ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતીય પુરુષ ટીમ ઝિમ્બાબ્વે ટીમ સામે 23, 25 અને 26 જુલાઈના રોજ હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે ત્રણ મેચ રમશે. આ ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે 2026-27 સીઝન માટે નિર્ધારિત બે દ્વિપક્ષીય સીરિઝમાંથી પ્રથમ હશે. ઝિમ્બાબ્વે આવતા વર્ષની શરૂઆતમાં ત્રણ મેચની વન ડે સીરિઝ માટે ભારતનો પ્રવાસ કરશે. આ મેચો અનુક્રમે 3, 6 અને 9 જાન્યુઆરીએ કોલકાતા, હૈદરાબાદ અને મુંબઈમાં રમાશે. ભારતે છેલ્લે 2024માં ઝિમ્બાબ્વેનો પ્રવાસ કર્યો હતો.

# ઈરાકની બોલિવિયા સામેની જીત સાથે ફિફા વર્લ્ડકપમાં બધા સ્થાનો ભરાઈ ગયા

**ક્વોલિફાઈંગના** અંતિમ દિવસે ઇરાકની સાથે કોંગો, સ્વીડન, તુર્કી અને ચેક રિપબ્લિકે ક્વોલિફાઇ કર્યું



મોન્ટેરી, તા. 01 (એપી) : ઈરાકે બોલિવિયાને હરાવીને છેલ્લું 48મું સ્થાન ભરતાની સાથે જ છેલ્લા અઢી વર્ષથી ચાલી રહેલી ક્વોલિફાઈંગ પ્રક્રિયા પછી, ફૂટબોલની સૌથી મોટી ટુર્નામેન્ટ, ફિફા વર્લ્ડકપ માટે તમામ 48 ટીમો નક્કી થઈ ગઈ છે. મંગળવારે ઉત્તર મેક્સિકોના મોન્ટેરી ખાતે રમાયેલી ઈન્ટરકોન્ટિનેન્ટલ પ્લેઓફમાં ઈરાકે બોલિવિયાને 2-1થી હરાવીને 48મું અને અંતિમ સ્થાન મેળવ્યું. આ મેચનું પરિણામ યુરોપિયન પ્લેઓફમાં બોસ્નિયાના ચારવારના ચેમ્પિયન ઈટાલી પર પેનલ્ટી શૂટઆઉટમાં અપસેટ વિજયના થોડા કલાકો પછી આવી હતી. ક્વોલિફાઈંગના અંતિમ દિવસે સ્વીડન, તુર્કી અને ચેક રિપબ્લિક બધા યુરોપિયન પ્લેઓફમાંથી ક્વોલિફાય થયાઃ સ્વીડને પોલેન્ડને 3-2થી હરાવ્યું, તુર્કીએ કોસોવોને 1-0થી હરાવ્યું, અને ચેક રિપબ્લિકે પેનલ્ટી શૂટઆઉટમાં ડેનમાર્કને 3-1થી હરાવ્યું.


**વર્લ્ડ કપ ફૂટબોલમાં અંતિમ ગ્રુપ સ્ટેન્ડિંગ**

- **ગ્રુપ A:** ચેક રિપબ્લિક, મેક્સિકો, દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ કોરિયા
- **ગ્રુપ B:** કેનેડા, બોસ્નિયા-હર્જેગોવિના, કતાર અને સ્વિટ્ઝર્લેન્ડ
- **ગ્રુપ C:** બ્રાઝિલ, હૈતી, મોરોક્કો, સ્કોટલેન્ડ
- **ગ્રુપ D:** ઓસ્ટ્રેલિયા, પેરાગ્વે, તુર્કી અને યુનાઇટેડ સ્ટેટ્સ
- **ગ્રુપ E:** કુરાકાઓ, એક્વાડોર, જર્મની અને આઇવરી કોસ્ટ
- **ગ્રુપ F:** નેધરલેન્ડ, જાપાન, સ્વીડન અને ટ્યુનિશિયા
- **ગ્રુપ G:** બેલ્જિયમ, ઇજિપ્ત, ઈરાન અને ન્યુઝીલેન્ડ
- **ગ્રુપ H:** કેપ વર્ડે, સાઉદી અરેબિયા, સ્પેન અને ઉરુગ્વે
- **ગ્રુપ I:** ફ્રાન્સ, નોર્વે, સેનેગલ અને ઇરાક
- **ગ્રુપ J:** અલ્જીરિયા, આર્જેન્ટિના, ઓસ્ટ્રિયા અને જોર્ડન
- **ગ્રુપ K:** કોલંબિયા, જમૈકા, પોર્ટુગલ અને ઉઝબેકિસ્તાન
- **ગ્રુપ L:** ક્રોએશિયા, ઈંગ્લેન્ડ, ઘાના અને પનામા

## સુડોકુ ૩૮૨૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૯ | ૮ | ૧ | | ૬ | ૩ | |
| ૬ | | | | | | | | ૨ |
| | | | | ૬ | | | ૫ | ૪ |
| ૪ | | ૨ | ૫ | | ૩ | ૧ | ૯ | |
| | | | ૧ | | ૮ | | | |
| ૩ | ૧ | | | | ૯ | | | |
| ૭ | ૯ | ૪ | | ૮ | ૫ | | | ૧ |
| ૮ | | | ૪ | ૯ | | | | |
| ૨ | | ૬ | | | | ૪ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### હેડકી

હેડકી, હીચકી, અડગરી પાચન તંત્રનો તમારી ખોરાક અને ટેવોની અનિયમિતતા સામેનો વિરોધ છે. તીખું ખાશો, ઉતાવળે ડૂચા મારશે, એક સામટું ચૂર્ણ કે ગોળીઓ ગળવાનો પ્રયત્ન કરશો તો હેડકીથી વિરોધ થશે. લીંડી પિપર , કાળા મરી અને સાકર સરખા ભાગે લઈ ચૂર્ણ કરવું. તેમાંથી એક એક ગ્રામ ચૂર્ણ રોજ મધ સાથે ચાટો. એક ચમચી હૂંફાળું ઘી ખાઈ લો.

## શબ્દગુંફન - ૭૧૯૪

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. મધુર અવાજ (૪)
૪. સરળતા, નિખાલસતા (૩)
૭. ખુલાસો, દલીલ (૩)
૮. માથું, મથાળું (૩)
૯. હેતુ, મુરાદ (૪)
૧૧. જન્મ આપનાર પિતા (૩)
૧૨. શત્રુ સામે આક્રમણ (૨)
૧૩. નાઠેલું, નાસી છૂટેલું (૨)
૧૪. પગપાળો પ્રવાસ (૪)
૧૬. પંખીઓનું અનાજ (૨)
૧૮. પાણી (૨)
૧૯. હિંમત (૨)
૨૦. ત્યાગી, બાવો (૨)
૨૧. એક રાશિ (૩)
૨૩. રોકડું (૩)
૨૫. શક, શંકા (૩)
૨૭. સમજણ (૨)
૨૯. ક્ષણ (૨)
૩૦. સરખી સપાટીવાળું (૪)
૩૨. કાગળ વગેરેના ટુકડા (૪)
૩૩. દબાણ (૨)

**ઊભી ચાવી**

૨. નિકાસ, જાવરો (૩)
૩. કૃપાળુ (૩)
૪. વ્યવસ્થા કરવી તે (૪)
૫. વશ કરવું તે (૪)
૬. અનુકરણ (૩)
૯. દયા, કૃપા (૨)
૧૦. દિલગીરી સાથે (૩)
૧૨. મુસાફરી (૨)
૧૪. પારકું (૨)
૧૫. યાચના કરનાર (૩)
૧૬. બાગ, આનંદ (૩)
૧૭. મીઠું, ગળ્યું (૨)
૧૮. અવાજ વગરનું (૩)
૨૦. બૂમ (૨)
૨૧. બાળ ભાષામાં ચવાણું (૨)
૨૨. ફળદ્રુપ (૩)
૨૪. ઊનું (૩)
૨૬. નવાઈ (૩)
૨૮. અવસ્થા (૨)
૨૯. પ્રતિજ્ઞા (૨)
૩૦. સરોવર (૨)
૩૧. હોડી (૨)



## આજનું પંચાંગ

**તા. 02/04/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિઃ** સુદ: પૂનમ: 07:42 સુધી ચૈત્રી પૂનમ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 12 **યોગ :** ધ્રુવ
**કરણઃ** બાવલ **નક્ષત્ર :** હસ્ત: 17:34
**રાશિઃ** કન્યા (પ.ઠ.ણ.)30. 30 પછી તુલા (ર,ત)
**દિવસ :** મિશ્ર- વૈશાખ સ્નાનારંભ, બહુચરાજીનો મેળો, શ.શિવાજી પુ.તિ. હનુમાન જન્મોત્સવ મંગળ મીનમાં: 15:29
**સુરતમાં સૂર્યોદય :** 06:33 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:52
**નવકારસી :** 07:21
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 21મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નોકરીમાં હીત શત્રુઓની હેરાનગતિ વધે. વિજાતિય આવેગ પર કાબુ રાખવો. ખર્ચા વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** પ્રેમમાં ગેરસમજ આવેગ અને અધિકારથી થાય. સંતાન ચિંતા રહે. અચાનક આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** બહારના કામનો બોજ સતાવશે. ઘરમાં નવો ફેરફારથી ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** આત્મવિશ્વાસ વધશે. પ્રવાસ, શિક્ષણ, ટ્યુશન, દલાલીના કામમાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ,):** વાણીથી માર્કેટીંગ, દલાલી, વગેરેના કામમાં પ્રગતિ થાય. ખાણી-પીણીના ધંધામાં લાભ.

**કન્યા (પ,ઠ,ણ,):** ક્રિએટીવ અને કાલ્પનિક બનશો. નવી ટેકનોલોજીનું જ્ઞાન ઉપયોગી સાબિત થાય.

**તુલા (ર,ત,):** અચાનક પ્રવાસ થાય. મિલન-મુલાકાત વધે. ખર્ચા પર કાબૂ રાખવો. મન અશાંત રહે.

**વૃશ્ચિક (ન,ય,):** સ્ત્રી મિત્રો કે વિજાતિય મિત્રોનો સાથ મળે. નવા મિત્રોથી સાવધાન. આવક વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નોકરી-ધંધામાં નવા ફેરફારથી ઉત્સાહ વધે. આક વધારવાની તક મળે.

**મકર (ખ,જ,):** વિદેશના કામમાં વિઘ્નો આવે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થાય. નોકરીમાં તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આંખ, પેટ અને પડવા વાગવા બાબતે પરેશાની આવી શકે છે. અચાનક લાભ પણ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** નવી ભાગીદારી બને. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. નવા રોજગારની તક મળે. આવક વધે.

## કોઈ પણ સાલમાં 02 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ સામાન્ય પસાર થશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજી અને આધુનિક પદ્ધતિ પ્રમાણે કામ કરવું પડે. જે બોજ વધારે દોડધામના આરોગ્ય નરમ રહે. સમાજમાં અશાંતિ અને પરિવારમાં સમસ્યા સતાવે. હરીફોની હેરાનગતિ વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. ઉઘરાણીની ચિંતા સતાવે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશના કામ ઢીમાં પડે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ અટકે. વડીલો-મિત્રોની મદદ નવા ઘર, વાહન, મકાનમાં મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ, ગુરુવાર, 2,11,20,29, તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. સફેદ-ક્રીમ સીમાન્ય લીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. જાન્યુઆરી- ફેબ્રુઆરી, મંગળ-બુધવાર 5,8, તારીખે નવા કામ ટાળવાં. ભૂરો, લીલો, કાળો રંગ ઉપયોગમાં ઓછો લેવો.

## અનુસંધાન ... પાના પહેલાનું

### માર્ચમાં GST કલેક્શન...

વસ્તુઓ પર ટેક્સના દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો અને ટેક્સ સ્લેબમાં પણ મોટા ફેરફાર કરાયા હતા. ટેક્સ કટના અમલીકરણના પ્રથમ મહિનામાં આવક ઘટીને રૂપિયા 1.70 લાખ કરોડ થઈ હતી, પરંતુ ત્યારબાદ ડિસેમ્બર અને જાન્યુઆરીમાં તેમાં સતત વધારો જોવા મળ્યો હતો. ફેબ્રુઆરીમાં આ આંકડો રૂપિયા 1.83 લાખ કરોડથી વધુ હતો. માર્ચ મહિનામાં રિફંડની રકમ 13.8% વધીને રૂપિયા 22,074 કરોડ રહી છે. રિફંડ બાદ કર્યા પછી, માર્ચમાં નેટ જીએસટી આવક રૂપિયા 1.78 લાખ કરોડ રહી જે વાર્ષિક ધોરણે 8.2% વધુ છે. મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગાણા જેવા મોટા રાજ્યોમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે, જ્યારે હરિયાણા અને મધ્યપ્રદેશમાં વૃદ્ધિ ધીમી રહી છે. નિષ્ણાતોના મતે, આ આંકડા મજબૂત વપરાશ દર્શાવે છે, જોકે ભવિષ્યમાં વૈશ્વિક મોંઘવારી અને ભૌગોલિક રાજકીય તણાવને કારણે સાવચેતી રાખવી જરૂરી છે.

### ઈરાનનો બહેરીનમાં...

એમેઝોન જેવી અમેરિકી કંપનીઓને નિશાન બનાવવાની વાત કરી હતી. એમેઝોને અગાઉ જણાવ્યું હતું કે ડ્રોન ગતિવિધિઓને કારણે બહેરીન રીજનમાં તેની 'એમેઝોન વેબ સર્વિસીસ' (AWS) ખોરવાઈ છે. આ મહિનામાં બીજી વાર એમેઝોનની કામગીરી પર અસર પડી છે. એમેઝોન હાલ તેના ગ્રાહકોને અન્ય સુરક્ષિત રીજનમાં ડેટા શિફ્ટ કરવા માટે કહી રહ્યું છે જેથી સેવાઓ ચાલુ રહી શકે. હજુ સુધી એમેઝોને આ હુમલા પર કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી.

### હજારો વધારાના...

જણાવ્યું હતું કે, 82મી એરબોર્ન ડિવિઝનના હજારો સૈનિકોએ પણ મધ્ય પૂર્વમાં પહોંચવાનું શરૂ કરી દીધું છે. જોકે, આમાંના મોટા ભાગના સૈનિકો યુદ્ધ પહેલા આયોજિત દળોના રોટેશનનો ભાગ છે, પરંતુ તેમાંના કેટલાક એ અંદાજે 1,500 પેરાટ્રૂપર્સમાં સામેલ છે

### નાણાકીય વર્ષ 2027...

અને કૌશલ્ય આધારિત) તરફ વળી છે. એટલે કે પસંદગી પ્રક્રિયા વધારે પગાર અને ઉચ્ચ કૌશલ્ય ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપશે, જેનો હેતુ સિસ્ટમનો દુરુપયોગ રોકવાનો અને શ્રમ બજારની જરૂરિયાતોને સંતોષવાનો છે. નોંધનીય છે કે, જો કોઈ નિયોક્તા અમેરિકાની બહારથી કામદારોને સ્પોન્સર કરે છે, તો કેટલાક કિસ્સાઓમાં 100,000 ડોલર (આશરે રૂપિયા 83.5 લાખ)નો મોટો ફી ઘટક પણ રજૂ કરવામાં આવ્યો છે, જેથી સ્થાનિક ભરતીને પ્રોત્સાહન મળે. અમેરિકી ટેક કંપનીઓ વિદેશી કામદારોની નિમણૂક માટે આ પ્રોગ્રામનો વ્યાપક ઉપયોગ કરે છે, જેમાં ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને ડોક્ટરો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. કુલ ક્વોટામાં 65,000 નિયમિત વિઝા અને અમેરિકાની સંસ્થાઓમાંથી માસ્ટર્સ કે તેથી વધુ ડિગ્રી મેળવનાર માટે વધારાના 20,000 વિઝાનો સમાવેશ થાય છે. 'યુએસસીઆઈએસ'એ અરજદારોને રજીસ્ટ્રેશન વખતે રજૂ કરેલા પાસપોર્ટ અને વેતન સ્તરના પુરાવાઓ સાથે રાખવા તાકીદ કરી છે.

### જેટ ઈંધણના ભાવમાં...

જોકે, કેન્દ્ર સરકાર અને સરકારી તેલ કંપનીઓએ સામાન્ય મુસાફરો પર ભાડાનો બોજ ન વધે તે માટે સ્થાનિક એરલાઈન્સને મોટી રાહત આપી છે. દિલ્હીમાં સ્થાનિક એરલાઈન્સ માટે એટીએફની કિંમતમાં માત્ર 8.5 ટકા એટલે કે રૂપિયા 8,289.04નો વધારો કરવામાં આવ્યો છે, જેનાથી નવો ભાવ પ્રતિ કિલોલીટર રૂપિયા 104,927.18 થયો છે ગયા મહિને તેની કિંમત રૂ. 96,638.14 પ્રતિ લીટર હતી. તેની સરખામણીએ વિદેશી એરલાઈન્સ અને ચાર્ટર વિમાનો માટે ભાવમાં 114.5%નો તોતિંગ વધારો ઝીંકાયો છે, જે હવે પ્રતિ કિલોલીટર રૂપિયા 207,341.22 થયો છે. નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ કિંજરાપુએ આ અભિગમને વ્યવહારુ ગણાવતા કહ્યું કે, આનાથી સ્થાનિક મુસાફરોને ભાડાના આકરા વધારાથી બચાવી શકાશે. કોમર્શિયલ એલપીજી (19 કિલોનો સિલિન્ડર)ના ભાવમાં પણ રૂપિયા 195.50નો વધારો કરવામાં આવ્યો છે, જેનાથી દિલ્હીમાં તેની કિંમત હવે રૂપિયા 2,078.50 થયો છે. જોકે, ઘરેલું રસોઈ ગેસ (એલપીજી) અને સામાન્ય પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. માત્ર પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર રૂ. 11 અને 'એક્સ્ટ્રા ગ્રીન' ડીઝલમાં રૂ. 1.50નો વધારો થયો છે. પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ 100 ટકા વધ્યા હોવા છતાં, ભારતીય નાગરિકોને રક્ષણ આપવા માટે તેલ કંપનીઓ મોટું નુકસાન વેઠીને પણ ભાવ સ્થિર રાખી રહી છે.

### ઈરાનના રાષ્ટ્રપતિ...

3 અઠવાડિયામાં યુદ્ધમાંથી ખસી જવા તૈયાર છે, પરંતુ તે માટે ઈરાન પરમાણુ હથિયાર નહીં બનાવે તેવી ખાતરી જરૂરી છે. ભલે તેહરાન સત્તાવાર યુદ્ધવિરામ માટે સંમત ન થાય, પણ અમેરિકા પોતાનું સૈન્ય પાછું ખેંચી શકે છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બાઘાઇએ ટ્રમ્પની તેહરાન દ્વારા યુદ્ધવિરામની માંગણી અંગેની ટિપ્પણીઓને ખોટી અને પાયાવિહોણી ગણાવી. વધુમાં, ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડે એક અલગ નિવેદન જારી કરીને કહ્યું કે તેના દળો પાસે હોર્મુઝ સ્ટ્રેટ પર સંપૂર્ણ અને નિર્ણાયક નિયંત્રણ છે. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ દ્વારા આયોજિત હાસ્યાસ્પદ તમાશા દ્વારા આ રાષ્ટ્રના દુશ્મનો માટે આ સામુદ્રધુની ખુલ્લી મૂકવામાં આવશે નહીં. એક તરફ ટ્રમ્પ શાંતિની વાત કરી રહ્યા છે, તો બીજી તરફ હજારો વધારાના અમેરિકી સૈનિકો મધ્ય પૂર્વ તરફ મોકલવામાં આવી રહ્યા છે. ટ્રમ્પે અગાઉ ઈરાનના પાવર પ્લાન્ટ્સ અને ઓઈલ હબ પર હુમલાની ધમકી પણ આપી હતી.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ટ્રમ્પના દાવાઓથી વિપરીત સંકેત આપતા કહ્યું કે ઈરાન ધમકીઓની ભાષા સ્વીકારશે નહીં. તેમણે સ્પષ્ટ કર્યું કે અમેરિકા સાથેની મંત્રણામાં તેમનો વિશ્વાસ 'શૂન્ય' છે. ઈરાન દ્વારા કતારના ટેન્કર અને કુવૈત એરપોર્ટ પર હુમલાના અહેવાલો વચ્ચે ટ્રમ્પનું આ નિવેદન આવ્યું છે, જે મધ્ય પૂર્વની સ્થિતિ વધુ જટિલ બનાવે છે. હવે સમગ્ર વિશ્વની નજર ટ્રમ્પના રાષ્ટ્રજોગ સંબોધન પર છે.

### પ્રથમ દિવસે...

આવ્યો છે. સમગ્ર દેશમાં આ પ્રક્રિયા 30 સપ્ટેમ્બર સુધીમાં તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. પ્રથમ તબક્કા માટે કુલ 33 પ્રશ્નો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં ઘરની સ્થિતિ, સુવિધાઓ અને મિલકતો જેવી વિગતો એકત્ર કરાશે. આ ડિજિટલ ડેટા સરકારને પુરાવા-આધારિત આયોજન અને કલ્યાણકારી યોજનાઓના સચોટ અમલીકરણમાં મદદરૂપ થશે. પ્રથમ દિવસના આ આંકડા દર્શાવે છે કે નાગરિકો આધુનિક ગણતરી પદ્ધતિને આવકારી રહ્યા છે.

### વસ્તી ગણતરી...

ડિજિટલ માધ્યમથી થશે, જે દેશના વિકાસ અને સરકારી યોજનાઓના અમલીકરણમાં મહત્વની ભૂમિકા ભજવશે. આઝાદી પછીની આ 16મી વસ્તી ગણતરી છે. પ્રથમ તબક્કા હેઠળ 'હાઉસ લિસ્ટિંગ' (ઘરોની યાદી) માટે 15 દિવસની સેલ્ફ-એન્યુમરેશન વિન્ડો ખોલવામાં આવી છે. પ્રથમ તબક્કામાં ઓડિશા, કર્ણાટક, ગોવા, સિક્કિમ, મિઝોરમ, આંદામાન અને નિકોબાર, લક્ષદ્વીપ અને દિલ્હીના અમુક વિસ્તારોનો સમાવેશ થાય છે. નાગરિકો પોર્ટલ પર મોબાઈલ નંબરથી લોગિન કરી, નકશા પર લોકેશન પસંદ કરીને 33 જેટલા પ્રશ્નોના જવાબ આપી શકે છે. ત્યારબાદ એક યુનિક આઈડી જનરેટ થશે, જે 16 એપ્રિલથી શરૂ થતી ઘર-ઘર મુલાકાત વખતે ગણતરીદારને આપવાનું રહેશે. કેન્દ્ર સરકારે આ પ્રક્રિયા માટે 11718 કરોડ મંજૂર કર્યા છે. મહત્વની વાત એ છે કે આ વખતે વસ્તી ગણતરીમાં પ્રથમવાર જ્ઞાતિ આધારિત ગણતરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે બીજા તબક્કાની ગણતરીમાં કરાશે. પ્રથમ તબક્કામાં જ્ઞાતિ, ધર્મ વિગેરે પૂછવામાં આવશે નહીં. કોવિડ-19ને કારણે 2021માં મોકૂફ રહેલી આ દાયકાની ગણતરી હવે આધુનિક અને પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવશે.

### ટ્રમ્પની બે મોઢાની વાત...

થશે કે ઈરાન પરમાણુ હથિયાર બનાવવામાં સક્ષમ નથી, તો તેઓ બે થી ત્રણ અઠવાડિયામાં યુદ્ધમાંથી બહાર નીકળી શકે છે, ભલે તેહરાન યુદ્ધવિરામ માટે સંમત ન થાય. પરંતુ તેમની તાજેતરની પોસ્ટ વધુ કડક વલણ દર્શાવે છે, કારણ કે અઠવાડિયાઓ સુધી ચાલેલા હવાઈ હુમલાઓ બાદ હવે સંભવિત જમીની હુમલા માટે વધુ અમેરિકન સૈનિકો આ પ્રદેશમાં પહોંચી રહ્યા છે. બુધવારે ઈરાને કતારના દરિયાકાંઠે એક ઓઈલ ટેન્કર અને કુવૈત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હુમલો કર્યો હતો. કુવૈતમાં ડ્રોન હુમલાને કારણે ઈંધણની ટેન્કમાં ભીષણ આગ લાગી હતી, જ્યારે કતાર એનર્જીના ટેન્કર પર ક્રૂઝ મિસાઈલ છોડવામાં આવી હતી. જોકે, કોઈ જાનહાનિના સમાચાર નથી. બીજી બાજુ, અમેરિકા અને ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન પર ભીષણ હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. એક હુમલો તેહરાન સ્થિત ભૂતપૂર્વ અમેરિકી દૂતાવાસ પર થયો હોવાનું મનાય છે, જે હાલ ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડના કબજામાં છે. આ ઉપરાંત, ઈઝરાયલે ઈરાનના 'ફેન્ટાનાઈલ' (કેમિકલ હથિયારમાં વપરાતું તત્વ) બનાવતા પ્લાન્ટને પણ નિશાન બનાવ્યો હોવાનો દાવો કર્યો છે. પ્રમુખ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે જો ઈરાન પરમાણુ હથિયાર ન બનાવી શકે તેવી ખાતરી મળે, તો તેઓ 2-3 અઠવાડિયામાં યુદ્ધ સમાપ્ત કરી શકે છે.

### દિલ્હી ડાયરી...

વાત એ છે કે, અટકાયત કરાયેલા યુથ કોંગ્રેસના કાર્યકરોને નજીકના પોલીસ સ્ટેશનોના લોક-અપમાં લઈ જતી સીએનજી સંચાલિત બસ મધ્ય દિલ્હીમાં ખોટકાઈ ગઈ. યુથ કોંગ્રેસના સભ્યોએ પછી તે જ સ્થળેથી સોશિયલ મીડિયા રીલ્સ બનાવવાનું શરૂ કર્યું. તેમણે પોલીસ સાથે એકતા દર્શાવી અને સરકારની પોતાના વાહનોમાં પણ ઈંધણ ભરવાની અક્ષમતાની મજાક ઉડાવી. આ પરિસ્થિતિ ખૂબ જ રમૂજી અને વિરોધાભાસી પણ હતી જેના કારણે સરકારને ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડ્યું હતું. સીએનજી ટાંકી ખાલી હોવાને કારણે પોલીસ બસનું બંધ પડવું એ સરકારના એ દાવા કરતાં તદ્દન વિપરીત હતું કે ગેસ (સીએનજી/એલપીજી) કે પેટ્રોલ કે ડીઝલની કોઈ અછત નથી અને વિપક્ષી પાર્ટીઓ, ખાસ કરીને કોંગ્રેસને દોષી ઠેરવતા કેટલાક સ્થાપિત હિતો પોતાના ફાયદા માટે અછત વિશે અફવાઓ ફેલાવી રહ્યા છે. આ પ્રક્રિયામાં, ઉત્સાહી ભાજપના કાર્યકરો અને નરેન્દ્ર મોદી સરકારના વર્તુળોએ એલપીજી સિલિન્ડર બુક કરાવવા માટે રાહ જોતા લોકોની લાંબી કતારોને પણ નજરઅંદાજ કરી દીધી છે.